અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==================================================

**ગુજરાત ઉચ્ચ ન્યાયાલય સમક્ષ**

**ક્રિમિનલ અપીલ (એકવિટલ વિરુદ્ધ) નં. ૧૧૪૫/૨૦૨૩**
**સાથે**
**ક્રિમિનલ અપીલ નં. ૧૫૯૬/૨૦૨૩**

**મંજૂરી અને સહી માટેઃ**
**માનનીય ન્યાયમૂર્તિ શ્રીમતિ એમ.કે.ઠક્કર**

==================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાવારપત્રોના રિપોર્ટર્સને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવે છે? | ના |
| ૨. | રિપોર્ટર્સને સંદર્ભિત કરવાં કે નહિ? | હા |
| ૩. | શું લોર્ડશીપ ચુકાદાની સુવાચ્ય નકલ જોવાં ઇચ્છે છે? | ના |
| ૪. | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન કે તેનાં હેઠળ કરવામાં આવેલ કોઇ હુકમ સબબ કોઇ મહત્વપૂર્ણ કાયદાકીય પ્રશ્ન સમાવિષ્ટ છે? | ના |

==================================================

અનિલકુમાર જયંતિલાલ સથવારા

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને અન્ય એક

==========================================================
**ઉપસ્થિતિ:**
અપીલકર્તા(ઓ) નં.૧ વતી સુશ્રી દિલબર કોન્ટ્રાક્ટર સાથે શ્રી નિકુંજ કે. રાવલ (૫૫૫૮)
સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં.૨ વતી શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટ સાથે શ્રી વિશાલ પી. ઠક્કર (૭૦૭૯)
સામાવાળા(ઓ)/પ્રતિવાદી(ઓ) નં.૧ વતી પબ્લિક પ્રોસિક્યુટર
==========================================================

**કોરમ: માનનીય ન્યાયમૂર્તિ એમ.કે. ઠક્કર**

**તારીખ ૧૮/૦૬/૨૦૨૪**

**મૌખિક ચુકાદો**

૧. રૂલ. વિદ્વાન એ.પી.પી. સામાવાળા–સ્ટેટ માટે રૂલની બજવણી જતી કરે છે.

૨. સંબંધિત વિદ્વાન વકીલોની સંમતિથી, આ મેટરની અંતિમ સુનાવણી કરવામાં આવી હતી.

૩. આ અપીલ ક્રિમિનલ કેસ નં. ૩૧૦૩૧૭૩/૨૦૧૫ અને ક્રિમિનલ કેસ નં. ૩૧૦૩૧૭૨/૨૦૧૫ માં વિદ્વાન સ્પેશિયલ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કોર્ટ, અમદાવાદ દ્વારા પસાર કરવામાં આવેલ નિર્દોષ મુક્તિના તારીખ ૧૮.૦૧.૨૦૨૩ ના ચુકાદા અને હુકમને પડકારવા માટે દાખલ કરવામાં આવેલ છે, જેના દ્વારા, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, ૧૮૮૧ (જે હવે પછી "સદર એન.આઈ. એક્ટ" તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે આરોપીને નિર્દોષ છોડી મૂકવામાં આવેલ હતા.

૪. ફરિયાદપક્ષનો એવો કેસ છે કે ફરિયાદી અને આરોપી મિત્રો છે અને કન્સ્ટ્રક્શનના બિઝનેસ માટે, આરોપીએ રૂ. ૧,૩૩,૨૦,૦૦૦/- ની

રકમની માંગણી કરી હતી જે ફરિયાદીએ તેના સગા–સંબંધીઓ પાસેથી અને પોતાની વ્યક્તિગત બચતમાંથી ઉછીની લઈને આપી હતી. ઉપરોક્ત રકમની ચુકવણી માટે, ફરિયાદીની તરફેણમાં ચાર ચેક ઇશ્યૂ કરવામાં આવ્યા હતા. ચેકની વિગતો નીચે દર્શાવેલ છે:

| તારીખ | ચેક નંબર | બેંક | રકમ |
|---|---|---|---|
| ૧૨.૦૮.૨૦૧૦ | ૦૨૮૬૩૧ | મહેસાણા નાગરિક સહકારી બેંક લિમિટેડ. | ૧૮,૫૦,૦૦૦/– |
| ૨૩.૦૮.૨૦૧૦ | ૦૨૮૬૩૨ | મહેસાણા નાગરિક સહકારી બેંક લિમિટેડ. | ૧૯,૫૦,૦૦૦/– |
| ૦૮.૦૯.૨૦૧૦ | ૦૨૮૬૩૩ | મહેસાણા નાગરિક સહકારી બેંક લિમિટેડ. | ૨૨,૮૫,૦૦૦/– |
| ૧૦.૧૦.૨૦૧૦ | ૦૨૮૬૩૪ | મહેસાણા નાગરિક સહકારી બેંક લિમિટેડ. | ૨૭,૪૦,૦૦૦/– |

૪.૧. સદર ચેક જમા કરાવવા પર, તે તારીખ ૦૩.૦૧.૨૦૧૧ ના રોજ "એકાઉન્ટ ક્લોઝ્ડ" ના શેરા સાથે પરત ફર્યો હતો અને તેથી, સદર એન.આઈ. એક્ટ હેઠળ નિર્ધારિત પ્રક્રિયા અનુસર્યા બાદ, સક્ષમ કોર્ટ સમક્ષ ખાનગી ફરિયાદ દાખલ કરવામાં આવેલ.

૪.૨. વેરિફિકેશન નોંધ્યા બાદ, આરોપી વિરુદ્ધ સમન્સ ઇશ્યૂ કરવામાં આવ્યા અને આરોપીના હાજર થવા પર, કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ (જે હવે પછી "સદર સી.આર.પી.સી." તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૨૫૧ હેઠળ તારીખ ૦૯.૦૭.૨૦૧૯ ના રોજ પ્લી નોંધવામાં આવી હતી. આરોપીએ ગુનો ન કર્યાનું જણાવ્યું અને ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની

માંગ કરી. તેથી, આરોપીનો ગુનો સાબિત કરવા માટે, ફરિયાદીએ આંક ૬ હેઠળ પોતાની સરતપાસ દાખલ કરી અને ૧૩ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા.

૪.૩. ક્લોઝિંગ પુરસીસ દાખલ કર્યા બાદ, તારીખ ૨૨.૧૨.૨૦૨૨ ના રોજ સી.આર.પી.સી.ની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવ્યું જેમાં, આરોપીએ નિર્દોષ હોવાનું જણાવ્યું અને રજૂઆત કરી કે આપવામાં આવેલી ડિમાન્ડ નોટિસનો જવાબ સાચો અને યોગ્ય છે અને ચેકનો દુરુપયોગ કરીને ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

૪.૪. વિદ્વાન નીચલી કોર્ટે, રેકોર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રી અને સંબંધિત પક્ષકારો માટેના વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલોને ધ્યાનમાં લીધા બાદ સામાવાળા–આરોપીને આરોપોમાંથી મુક્ત કર્યા છે, જેને આ કોર્ટ સમક્ષ પડકારવામાં આવેલ છે.

૫. અરજદાર માટે વિદ્વાન વકીલ શ્રી નિકુંત રાવલ વતી વિદ્વાન વકીલ સુશ્રી દિલબર કોન્ટ્રાક્ટર અને સામાવાળા નં. ૨ માટે વિદ્વાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટને સાંભળ્યા.

૫.૧. અરજદાર માટે વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે રજૂઆત કરી છે કે ફરિયાદીની તરફેણમાં રહેલ અનુમાનનું ખંડન ન થયું હોવા છતાં સામાવાળા આરોપીને નિર્દોષ છોડી મૂકવામાં વિદ્વાન નીચલી કોર્ટે ગંભીર ભૂલ કરી છે અને જોકે ફરિયાદીએ સરતપાસના સ્વરૂપમાં સોગંદનામું દાખલ કરીને તમામ સામગ્રી રેકોર્ડ પર મૂકી હતી, જેને સામાવાળા–

આરોપી દ્વારા પડકારવામાં આવી ન હતી કારણ કે સામાવાળા–આરોપી દ્વારા કોઈ ઉલટતપાસ કરવામાં આવી ન હતી, છતાં વિદ્વાન નીચલી કોર્ટે સામાવાળા–આરોપીને નિર્દોષ છોડી મૂકેલ છે. વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે રજૂઆત કરી કે તારીખ ૦૩.૦૮.૨૦૧૨ ના રોજ સરતપાસના સ્વરૂપમાં સોગંદનામું દાખલ કરવામાં આવ્યું હતું અને ફરિયાદી હાજર રહેવામાં અસમર્થ હોવાથી, ઉલટતપાસનો તબક્કો તારીખ ૧૭.૧૦.૨૦૨૨ ના રોજ બંધ કરવામાં આવ્યો હતો અને જોકે આરોપી પણ સાક્ષીના કઠેડામાં આવ્યો ન હતો કે પોતાના બચાવમાં કોઈ પુરાવો રજૂ કર્યો ન હતો, વિદ્વાન નીચલી કોર્ટે બંને પક્ષકારો દ્વારા લેખિત રજૂઆતો દાખલ કર્યા પછી તારીખ ૨૨.૧૨.૨૦૨૨ ના રોજ મેટરને અંતિમ દલીલો માટે રાખી હતી.

૫.૨. વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે રજૂઆત કરી કે સામાવાળા–આરોપી દ્વારા લેખિત રજૂઆતો સાથે રજૂ કરવામાં આવેલા વધારાના દસ્તાવેજોને પુરાવા તરીકે ગણવામાં આવ્યા હતા, જોકે તેને એવિડન્સ એક્ટ હેઠળ નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરીને ક્યારેય રજૂ કે સાબિત કરવામાં આવ્યા ન હતા. વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે રજૂઆત કરી કે લેખિત રજૂઆતોની નકલ ફરિયાદી સાથે ક્યારેય શેર કરવામાં આવી ન હતી અને તેથી, લેખિત રજૂઆતો સાથે રજૂ કરાયેલા દસ્તાવેજોનો વિરોધ કરવાની તક ફરિયાદી પાસે ન હતી. જોકે, વિદ્વાન નીચલી કોર્ટે લેખિત રજૂઆતના ભાગરૂપ

તમામ દસ્તાવેજોને પુરાવા તરીકે ગણ્યા છે અને સામાવાળા–આરોપીને આરોપોમાંથી નિર્દોષ છોડી દીધા છે.

૫.૩. વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે વધુમાં રજૂઆત કરી કે પ્રદર્શિત ન કરાયેલા દસ્તાવેજોને મહત્વ આપવામાં આવ્યું હતું અને વિદ્વાન નીચલી કોર્ટ દ્વારા નિર્દોષ મુક્તિનો આધાર બનાવવામાં આવ્યો હતો અને તેથી પણ, વાદગ્રસ્ત ચુકાદો અને હુકમમાં હસ્તક્ષેપ કરવાની જરૂર છે.

૫.૪. માટે વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે રજૂઆત કરી કે રોજકામ પણ સાચી એન્ટ્રીઓ દર્શાવતું નથી કારણ કે તારીખ ૦૫.૧૨.૨૦૨૨ ના રોજકામમાં ઉલ્લેખિત એન્ટ્રી ફરિયાદીની ગેરહાજરી દર્શાવતી નથી. તારીખ ૦૧.૧૨.૨૦૨૨ ના રોજ વિદ્વાન નીચલી કોર્ટ રજા પર હતી, જોકે, વિદ્વાન નીચલી કોર્ટે વાદગ્રસ્ત ચુકાદામાં અવલોકન કર્યું છે કે ફરિયાદીની વારંવાર ગેરહાજરીને કારણે ઉલટતપાસ થઈ શકી નથી અને તેથી, એન.આઈ. એક્ટ હેઠળ કેસને ન માનવા માટે ફરિયાદી વિરુદ્ધ પ્રતિકૂળ અનુમાન કાઢવામાં આવ્યું હતું.

૫.૫. વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે રજૂઆત કરી કે જોકે ક્રિમિનલ કેસ વર્ષ ૨૦૧૨ માં દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ આરોપીની ગેરહાજરીને કારણે તારીખ ૦૮.૦૯.૨૦૧૮ ના હુકમ દ્વારા મેટરને નિષ્ક્રિય ફાઈલમાં મૂકવામાં આવી હતી. જોકે, સદર હુકમને ધ્યાનમાં લીધા વિના, વિદ્વાન નીચલી કોર્ટે વાદગ્રસ્ત ચુકાદો અને નિર્દોષ મુક્તિનો હુકમ પસાર કર્યો છે.

૫.૬. વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે રજૂઆત કરી કે એન.આઈ. એક્ટની કલમ ૧૧૮ અને ૧૩૯ હેઠળ ફરિયાદીની તરફેણમાં અનુમાન પૂરું પાડવામાં આવેલ છે અને ફરિયાદીના બચાવ અથવા ઉલટતપાસની ગેરહાજરીમાં, ફરિયાદી દ્વારા દાખલ કરાયેલ સરતપાસનું સોગંદનામું ખંડન વગરનું અને નિર્વિવાદ રહે છે. જોકે, સરતપાસમાં કરવામાં આવેલી રજૂઆતો પૂરતું મર્યાદિત રાખ્યા વિના, વિદ્વાન નીચલી કોર્ટે પ્રદર્શિત ન કરાયેલા દસ્તાવેજોના આધારે સામાવાળા–આરોપીનો કેસ માન્યો છે જે લેખિત રજૂઆતો સાથે રજૂ કરવામાં આવ્યા છે અને તેથી, પણ વાદગ્રસ્ત ચુકાદો અને નિર્દોષ મુક્તિના હુકમમાં હસ્તક્ષેપ થવો જોઈએ.

૫.૭. વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે વધુમાં રજૂઆત કરી કે નિર્દોષ મુક્તિના વાદગ્રસ્ત ચુકાદા અને હુકમમાં, વિદ્વાન નીચલી કોર્ટે અવલોકન કર્યું છે કે એન.આઈ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદી વિરુદ્ધ ઘણી ફરિયાદો દાખલ કરવામાં આવી છે. સામાવાળા–આરોપી દ્વારા રેકોર્ડ પર મૂકવામાં આવેલી ફરિયાદોની નકલો વિદ્વાન નીચલી કોર્ટ દ્વારા સદર ફરિયાદની વિગતવાર તપાસ કર્યા વિના માનવામાં આવી છે કારણ કે મોટાભાગની ફરિયાદો નોન–પ્રોસિક્યુશન માટે રદ કરવામાં આવી છે. વિદ્વાન નીચલી કોર્ટે એવા આધારે ફરિયાદી દ્વારા રકમ ઉધાર આપવા માટેના ભંડોળના સ્ત્રોતના આધારે કેસ ન માનવામાં ભૂલ કરી છે કે બે ચેક અમાન્ય થવા બદલ એન.આઈ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે ફરિયાદીને પોતાને દોષિત ઠેરવવામાં આવ્યા હતા, અને એ હકીકતને

ધ્યાનમાં લીધા વિના કે જ્યારે સામાવાળા–આરોપી દ્વારા અનુમાનનું ખંડન કરવામાં આવ્યું નથી અને એ ધ્યાનમાં લીધા વિના કે દરેક કેસનો નિર્ણય કાયદાની કોર્ટ સમક્ષ સ્વતંત્ર રીતે રજૂ કરાયેલા પુરાવાના આધારે થવો જોઈએ. જોકે, વિદ્વાન નીચલી કોર્ટે સામાવાળા–આરોપીને આરોપોમાંથી મુક્ત કર્યા છે.

૫.૮. વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે વધુમાં રજૂઆત કરી કે નીચલી કોર્ટે સંખ્યાબંધ નિર્ણયોમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત સિદ્ધાંતને અનુસર્યા વિના નિર્દોષ મુક્તિનો ચુકાદો અને હુકમ પસાર કર્યો છે, જેમાં એ પ્રદાન કરવામાં આવ્યું છે કે એન.આઇ. એક્ટ સંબંધિત કેસોમાં ફરિયાદીની તરફેણમાં અનુમાન પૂરું પાડવામાં આવે છે અને જ્યાં સુધી ઉપરોક્ત અનુમાનનું સચોટ અને ખાતરીપૂર્વકના પુરાવા આપીને ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી, પોતાનો કેસ સાબિત કરવાનો બોજો ફરિયાદી પર જશે નહીં. વિદ્વાન વકીલ સુશ્રી કોન્ટ્રાક્ટરે અનુમાનના ખંડનની ગેરહાજરીમાં વિદ્વાન નીચલી કોર્ટે સામાવાળા–આરોપીને નિર્દોષ મુક્ત કર્યા છે અને તેથી પણ ચુકાદો અને હુકમ રદ કરવાને પાત્ર છે અને આરોપીને ગુના માટે દોષિત ઠેરવવાની જરૂર છે.

૬. બીજી તરફ, વિદ્વાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે રજૂઆત કરી છે કે એન.આઇ. એક્ટ હેઠળના કેસોની ઝડપી ઇન્સાફી કાર્યવાહી માટે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા જારી કરાયેલા તારીખ ૧૯.૧૨.૨૦૨૨ ના નિર્દેશો

અનુસાર, પાયલોટ પ્રોજેક્ટ હેઠળ વિદ્ધાન સ્પેશિયલ કોર્ટ દ્ધારા વર્તમાન કેસ ચલાવવામાં આવ્યો હતો.

૬.૧. વિદ્ધાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે રજૂઆત કરી છે કે એન.આઇ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ ડિમાન્ડ નોટિસ મળ્યા પછી, સામાવાળા–આરોપીએ જવાબ આપ્યો હતો અને મોટી રકમ એટલે કે રૂ. ૧,૩૩,૨૦,૦૦૦/– ઉધાર આપવાની આર્થિક ક્ષમતાને પડકારી હતી અને ડિમાન્ડ નોટિસના જવાબમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે આરોપી ફરિયાદી સાથે કામ કરી રહ્યો હતો અને આરોપીના વ્યવસાયનું સંચાલન સંભાળી રહ્યો હતો. ફરિયાદીએ માલસામાનની ઉચાપત કરવાનું શરૂ કર્યું અને જ્યારે આરોપીના ધ્યાનમાં આ હકીકત આવી, ત્યારે ફરિયાદીને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો અને તે સમયે, તે પોતાની સાથે બુક્સ ઓફ એકાઉન્ટ્સ અને સહી કરેલ ચેકબુક વગેરે જેવી તમામ સામગ્રી લઈ ગયો અને સદર ચેકોનો બેંકમાં જમા કરીને દુરુપયોગ કરવામાં આવ્યો. જોકે, ઉપરોક્ત જણાવેલ જવાબ સામાવાળા–આરોપી દ્ધારા પ્રાપ્ત થયો હોવા છતાં, તેનો વિરોધ કરવામાં આવ્યો ન હતો કે ફરિયાદી દ્ધારા કોઈ વધુ જવાબ આપવામાં આવ્યો ન હતો અને સીધી જ કોર્ટ સમક્ષ ફરિયાદ દાખલ કરવામાં આવી. ઉપરોક્ત જવાબ ખુદ ફરિયાદી દ્ધારા રજૂ કરવામાં આવ્યો હતો જે આંક ૧૫ હેઠળ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો અને ઉપરોક્ત જવાબને ધ્યાનમાં લીધા પછી વિદ્ધાન નીચલી

કોર્ટે વિગતવાર કારણો આપીને સામાવાળા–આરોપીને નિર્દોષ મુક્ત કર્યા છે અને તેથી, કોઈ હસ્તક્ષેપની જરૂર નથી.

૬.૨. વિદ્વાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે વધુમાં રજૂઆત કરી છે કે જોકે વર્ષ ૨૦૧૨ માં સરતપાસ દાખલ કરવામાં આવી છે, ફરિયાદી હાજર રહેતા ન હતા અને તેથી, અગાઉ પણ ઉલટતપાસનો અધિકાર બંધ કરવા માટે અરજી દાખલ કરવામાં આવી હતી, જોકે, ત્યારબાદ દશરથ રૂપસિંહ રાઠોડના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલા ચુકાદાના પ્રકાશમાં કેસને મહેસાણા કોર્ટમાં તબદીલ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ ફરીથી ૨૦૧૫ માં ક્રિમિનલ કેસ મહેસાણાથી અમદાવાદ તબદીલ કરવામાં આવ્યો હતો.

૬.૩. વિદ્વાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે રજૂઆત કરી હતી કે વર્ષ ૨૦૧૯ માં એટલે કે તારીખ ૧૭.૧૦.૨૦૧૯ ના રોજ એન.આઇ. એક્ટની કલમ ૧૪૩એ હેઠળ ચેકની રકમના ૨૦% જમા કરવા માટે અરજી કરવામાં આવી હતી ત્યારબાદ, ફરિયાદી સતત ગેરહાજર રહ્યા હતા અને જોકે સદર અરજી પડતર હોવા છતાં તે જ હેતુ માટે તારીખ ૧૩.૦૯.૨૦૨૨ ના રોજ અન્ય અરજી કરવામાં આવી હતી જેમાં પણ ઘણી મુદતો આપવા છતાં તે ફરિયાદીની ગેરહાજરીને કારણે વણઉકેલાયેલી રહી હતી.

૬.૪. વિદ્વાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે રજૂઆત કરી છે કે ફરિયાદીએ ઉલટતપાસ માટે પોતાની જાતને પ્રસ્તુત કરી ન હોવાથી, આરોપી પાસે ફરિયાદીની તરફેણમાં રહેલા અનુમાનનું ખંડન કરવાની કોઈ તક ન હતી

અને તેથી, તેમણે વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ ના સમયગાળા માટે એન.આઇ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ દાખલ કરાયેલા કેસની સર્ટિફાઇડ નકલો સાથે લેખિત દલીલો રજૂ કરી હતી, જે એ સમયગાળો છે જ્યારે ફરિયાદીએ આરોપીને રકમ ઉધાર આપી હોવાનો આક્ષેપ કર્યો છે. કેસોની ઉપરોક્ત સર્ટિફાઇડ નકલો પરથી એ બાબત સામે આવી હતી કે તે રૂ. ૪૦,૦૦૦/- ની ચુકવણી કરવા માટે સક્ષમ ન હતા અને તેથી, એન.આઇ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જેની સામે અપીલ કરવામાં આવી હતી જેને નામંજૂર કરવામાં આવી હતી અને આજની તારીખે આરોપી સામે બે કેસોની સજામાં જેલ વોરંટ અમલમાં છે. વોરંટ પહેલેથી જ અમલમાં હોવાથી, તેઓ વિદ્વાન નીચલી કોર્ટ સમક્ષ હાજર રહ્યા ન હતા અને ઉલટતપાસ માટે પોતાને પ્રસ્તુત કર્યા ન હતા અને તેથી, વિદ્વાન નીચલી કોર્ટે યોગ્ય રીતે અનુમાન કાઢ્યું છે કે તેઓ રોકડમાં મોટી રકમ ઉધાર આપવાની ક્ષમતા ધરાવતા નથી.

૬.૫. વિદ્વાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે રજૂઆત કરી છે કે સર્ટિફાઇડ નકલો અને જેલ વોરંટ જે દલીલો સાથે વિદ્વાન નીચલી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા તે એવિડન્સ એક્ટની કલમ ૭૯ હેઠળ વ્યાખ્યાયિત પબ્લિક ડોક્યુમેન્ટ છે અને તેથી, ઉપરોક્ત દસ્તાવેજો પર આધાર રાખવા માટે કોઈ વધુ પુરાવાની જરૂર ન હતી અને તે સંજોગોમાં વિદ્વાન નીચલી કોર્ટે

સામાવાળા–આરોપીને યોગ્ય રીતે નિર્દોષ છોડી દીધા છે અને તેથી પણ કોઈ હસ્તક્ષેપની જરૂર નથી.

૬.૬. વિદ્ધાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે રજૂઆત કરી છે કે અનુમાનના ખંડન માટે, નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા વિવિધ નિર્ણયોમાં નિર્ધારિત કાયદા મુજબ આરોપી માટે તેના દ્ધારા રજૂ કરાયેલા પુરાવા પર આધાર રાખવો ખુલ્લો છે અથવા સંભવિત બચાવ ઊભો કરવા માટે આરોપી ફરિયાદી દ્ધારા રજૂ કરવામાં આવેલી સામગ્રી પર પણ આધાર રાખી શકે છે. પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટીઝ (preponderance of probabilities) નું અનુમાન માત્ર પક્ષકારો દ્ધારા રેકોર્ડ પર લાવવામાં આવેલી સામગ્રી પરથી જ નહીં પરંતુ તે સંજોગોના સંદર્ભમાં પણ કાઢી શકાય છે જેના પર તેઓ આધાર રાખે છે. તેથી, આરોપી માટે તેના બચાવના સમર્થનમાં સાક્ષીના કઠેડામાં આવવું જરૂરી નથી કારણ કે કલમ ૧૩૯ એવિડન્શરી બર્ડન લાદે છે, પર્સુએસિવ બર્ડન નહીં. ફરિયાદી આરોપીને નાણાં આપવા માટેના સ્ત્રોતના સમર્થનમાં કોઈ સંબંધિત દસ્તાવેજ રજૂ કરવામાં નિષ્ફળ જાય છે અને તેથી, વિદ્ધાન નીચલી કોર્ટે ફરિયાદીના પુરાવામાં રહેલી ગંભીર ખામીને ધ્યાનમાં લીધા પછી સામાવાળા–આરોપીને યોગ્ય રીતે નિર્દોષ મુક્ત કર્યા છે.

૬.૭. વિદ્ધાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે રજૂઆત કરી છે કે આરોપી પર સાબિતીનો ભાર ફરિયાદપક્ષ જેટલો ભારે નથી. ફરિયાદીએ ન તો પોતાની આર્થિક ક્ષમતા દર્શાવવા માટે સ્ટેચ્યુટરી બુક્સ ઓફ એકાઉન્ટ્સ અથવા

અન્ય કોઈ સંબંધિત સામગ્રી રજૂ કરીને પોતાનો કેસ સ્થાપિત કર્યો છે કે ન તો એવા કોઈ સગાનું નામ આપ્યું છે જેની પાસેથી રકમ ઉછીની લીધી હોય અને તેથી, વિદ્વાન નીચલી કોર્ટે યોગ્ય રીતે અવલોકન કર્યું છે કે ઉલટતપાસ અને કોઈ ખાતરીપૂર્વકના પુરાવાની ગેરહાજરીમાં, રૂ. ૧,૩૩,૨૦,૦૦૦/- ની મોટી રકમ રોકડમાં ઉધાર આપવાની આવકના સ્ત્રોત પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે.

૬.૮. વિદ્વાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે રજૂઆત કરી છે કે સરતપાસમાંથી પણ આરોપી ક્યાંક નોકરી કરવાનો વ્યવસાય કરી રહ્યો છે કે કેમ અને તેની માસિક અથવા વાર્ષિક આવક કેટલી છે તે અંગે કોઈ રજૂઆત ન હતી, વધુ વિશેષ તો જ્યારે આરોપીએ ડિમાન્ડ નોટિસના જવાબમાં આર્થિક ક્ષમતાને પડકારી છે અને તેથી પણ એવી અરજ કરેલ છે કે વાદગ્રસ્ત ચુકાદા અને હુકમને પડકારતી અપીલ નામંજૂર થવાને પાત્ર છે.

૬.૯. વિદ્વાન વકીલ શ્રી એફ.બી. બ્રહ્મભટ્ટે અંતમાં રજૂઆત કરી છે કે જ્યારે બે મંતવ્યો શક્ય હોય ત્યારે આરોપીની તરફેણમાં હોય તેવું મંતવ્ય અપનાવવું જોઈએ અને વિદ્વાન નીચલી કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા તારણમાં કોઈ વિકૃતિ ન હોવાથી અપીલ કોર્ટ હસ્તક્ષેપ ન કરી શકે અને તે આધારે પણ અપીલ નામંજૂર થવાને પાત્ર છે અને નિર્દોષ મુક્તિના ચુકાદા અને હુકમને કાયમ રાખવાની જરૂર છે.

૭. સંબંધિત પક્ષકારો માટે વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલી વિસ્તૃત દલીલો અને રેકોર્ડ અને પ્રોસિડિંગ્સને સંપૂર્ણ રીતે ધ્યાનમાં લેતાં, એવું ફલિત

થાય છે કે વિદ્વાન નીચલી કોર્ટ સમક્ષ તારીખ ૦૮.૦૩.૨૦૧૧ ના રોજ ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને ફરિયાદી દ્વારા તારીખ ૦૩.૦૮.૨૦૧૨ ના રોજ આંક ૬ હેઠળ એટલે કે સરતપાસ દાખલ કરવામાં આવી છે.

૭.૧. ફરિયાદપક્ષનો એવો કેસ છે કે ફરિયાદીએ આરોપીને રોકડમાં રૂ. ૧,૩૩,૨૦,૦૦૦/- ની રકમ ઉધાર આપી છે અને ચુકવણી માટે ફરિયાદમાં ઉલ્લેખિત ચેકો ફરિયાદીની તરફેણમાં ઈશ્યૂ કરવામાં આવ્યા છે.

૭.૨. વેરિફિકેશન નોંધ્યા પછી વિદ્વાન નીચલી કોર્ટે તારીખ ૧૮.૦૯.૨૦૧૨ ના રોજ આંક ૮ હેઠળ હુકમ પસાર કર્યો જેમાં, ફરિયાદ સાથે રજૂ કરાયેલા દસ્તાવેજોને ૭/૯ માર્ક કરવામાં આવ્યા હતા, નોટિસની ઝેરોક્ષ નકલને આરોપી દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓને ધ્યાનમાં રાખીને કામચલાઉ આંક આપવામાં આવ્યો હતો. અન્ય દસ્તાવેજોને અંતિમ આંક આપવામાં આવ્યા હતા.

૭.૩. ફરિયાદીએ આંક ૧૫ હેઠળ ડિમાન્ડ નોટિસનો જવાબ પણ રજૂ કર્યો છે જેમાં, આરોપી દ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે ફરિયાદી આરોપીની ઓફિસમાં નોકરી કરતો હતો અને આરોપીના વ્યવસાયની તમામ બાબતોનું સંચાલન કરતો હતો. જ્યારે આરોપીને માલસામાનની ઉચાપત વિશે જાણ થઈ, ત્યારે સામાવાળા-આરોપી દ્વારા ફરિયાદીને કાઢી મૂકવામાં આવ્યો અને તે સમયે, બુક્સ ઓફ એકાઉન્ટ્સ, એકાઉન્ટ લેજર, ચેક બુક આરોપીની જાણ બહાર ફરિયાદી દ્વારા લઈ જવામાં આવ્યા

હતા. નોટિસ મળ્યા પછી, આરોપીના ધ્યાનમાં આવ્યું કે ફરિયાદીએ વ્યવસાય કરતી વખતે જાળવેલા એકાઉન્ટના ચેકનો દુરુપયોગ કર્યો છે જે વ્યવસાય આરોપી દ્વારા ઘણા સમય પહેલા બંધ કરી દેવામાં આવ્યો હતો અને તેથી, ઘણા વર્ષો પહેલા ખાતા પણ બંધ કરી દેવામાં આવ્યા હતા અને આરોપીએ વધુમાં જણાવ્યું છે કે ફરિયાદી રોકડમાં મોટી રકમ ઉધાર આપવાની કોઈ આર્થિક ક્ષમતા ધરાવતો નથી અને તેણે એન.આઇ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ ખોટી નોટિસ ઇશ્યૂ કરી છે.

૭.૪. વિદ્વાન નીચલી કોર્ટ દ્વારા સમન્સ મોકલવા પર, આરોપી હાજર થયો, જોકે, રોજકામ જે રેકોર્ડ અને પ્રોસિડિંગ્સનો ભાગ છે તે વર્ષ ૨૦૧૫ પછીની એન્ટ્રી દર્શાવે છે, તેથી, આરોપી કઈ તારીખે હાજર થયો તે કોઈ રેકોર્ડ પરથી ફલિત થતું નથી. ચુકાદા પરથી એવું ફલિત થાય છે કે ક્રિમિનલ કેસ નં. ૧૭૮/૨૦૧૧ (નવો કેસ ૩૧૭૨/૨૦૧૫) માં આંક ૫ હેઠળ તારીખ ૨૯.૦૬.૨૦૧૨ ના રોજ અરજી દાખલ કરવામાં આવી હતી જે ફરિયાદીની સતત ગેરહાજરીને કારણે ઉલટતપાસનો તબક્કો બંધ કરવા માટે રેકોર્ડ અને પ્રોસિડિંગ્સનો ભાગ છે. ઉપરોક્ત અરજીઓ પડતર હોવા દરમિયાન દશરથ રૂપસિંહ રાઠોડના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા કેસને મહેસાણા ખાતે તબદીલ કરવા માટે ચુકાદો આપવામાં આવ્યો હતો કારણ કે આરોપી મહેસાણા ખાતે રહેતો હતો. ત્યારબાદ, વર્ષ ૨૦૧૫ માં સુધારો અમલમાં આવ્યો અને ઇન્સાફી કાર્યવાહીનું પ્રાદેશિક અધિકારક્ષેત્ર ફરીથી બદલવામાં આવ્યું જેમાં ચેક

જમા કરાવવામાં આવ્યો હોય તે બેંકની શાખા જ્યાં આવેલી હોય તેને ધ્યાનમાં લેવામાં આવે છે. તેથી, તેને અમદાવાદ ખાતે વિદ્વાન નીચલી કોર્ટમાં ફરીથી તબદીલ કરવામાં આવ્યો. ત્યારબાદ, તારીખ ૦૧.૦૯.૨૦૧૮ ના રોજ આરોપીને પ્રોસેસની બજવણી થઈ નથી તે આધારે કેસને નિષ્ક્રિય ફાઈલમાં મોકલવામાં આવ્યો.

૭.૫. તારીખ ૨૮.૦૬.૨૦૧૯ ના રોજ આરોપી હાજર થયો અને કેસ બોર્ડ પર લેવામાં આવ્યો. તારીખ ૦૯.૦૭.૨૦૧૯ ના રોજ આરોપીની પ્લી નોંધવામાં આવી અને ક્રિમિનલ કેસ ફરિયાદીની ઉલટતપાસ માટે મુલતવી રાખવામાં આવ્યો. તારીખ ૦૭.૦૯.૨૦૧૯ થી ૧૯.૧૦.૨૦૧૯ ના રોજ ફરિયાદીના વિદ્વાન વકીલ વતી વકીલાતનામું દાખલ કરવામાં આવ્યું અને કેસ ફરીથી મુલતવી રાખવામાં આવ્યો. ત્યારબાદ, તારીખ ૧૩.૦૧.૨૦૨૦ ના રોજ ક્રિમિનલ કેસ નં. ૩૧૭૨/૨૦૧૫ માં રોજકામમાં નોંધવામાં આવ્યું છે કે ફરિયાદી ગેરહાજર છે અને તેને ફરિયાદીની ઉલટતપાસ માટે મુલતવી રાખવામાં આવ્યો. ત્યારબાદ, એવું ફલિત થાય છે કે કેસ મુલતવી રાખવા માટે ફરિયાદી દ્વારા અરજી મોકલવામાં આવી હતી. તારીખ ૧૪.૧૦.૨૦૨૧ ના રોજ સામાવાળા–આરોપી દ્વારા અને ક્રિમિનલ કેસ નં. ૩૧૭૨/૨૦૧૫ માં ફરિયાદીની ગેરહાજરીને કારણે ઉલટતપાસનો તબક્કો બંધ કરવા માટે અરજી આપવામાં આવી હતી. એવું જણાય છે કે મોડા કલાકોમાં ફરિયાદી હાજર રહ્યો હતો અને તેથી, ઉપરોક્ત અરજી નામંજૂર કરવામાં આવી હતી.

ત્યારબાદ, ફરીથી તારીખ ૨૭.૦૪.૨૦૨૨ ની અરજી ફરિયાદીના પુત્ર મારફતે ક્રિમિનલ કેસ નં. ૩૧૭૨/૨૦૧૫ માં મોકલવામાં આવી કે ફરિયાદી અને તેના વકીલ બહારગામ છે અને ચેકની રકમના ૨૦% જમા કરવા માટે જે અરજી આપવામાં આવી હતી તે ફરિયાદીની સંમતિ વિના પ્રેસ કરવામાં આવી ન હતી અને કારણ કે તે આ અરજીને એફ.એસ.એલ. (FSL) માં મોકલવા માંગતો હતો જેમાં, ફરિયાદી દ્વારા ખોટી સહીનો આક્ષેપ કરવામાં આવ્યો છે, ફરિયાદીના પુત્ર દ્વારા સમય માંગવામાં આવ્યો હતો. ત્યારબાદ, ફરીથી તારીખ ૨૮.૦૯.૨૦૨૨ ના રોજ ૨૦% રકમ જમા કરાવવાની અરજ કરતી અરજી ક્રિમિનલ કેસ નં. ૩૧૭૩/૨૦૧૫ માં દાખલ કરવામાં આવી. ફરિયાદી તારીખ ૧૭.૧૦.૨૦૨૨ ના રોજ હાજર રહ્યો ન હતો, તેથી, ફરિયાદીની ઉલટતપાસનો તબક્કો બંધ કરવા ક્રિમિનલ કેસ નં. ૩૧૭૨/૨૦૧૫ માં આરોપીના વિદ્વાન વકીલ દ્વારા અરજી આપવામાં આવી. વિદ્વાન નીચલી કોર્ટે તારીખ ૧૭.૧૦.૨૦૨૨ ના રોજ હુકમ પસાર કરીને અવલોકન કર્યું કે આરોપી દરેક તારીખે હાજર રહે છે અને ફરિયાદી ઉલટતપાસ માટે હાજર રહ્યો ન હતો અને તેથી, ઉલટતપાસનો અધિકાર બંધ કરવામાં આવ્યો હતો જે અંતિમ ચુકાદાની તારીખ સુધી પડકાર્યા વગરનો રહ્યો.

૭.૬. ત્યારબાદ, કેસ તારીખ ૦૫.૧૧.૨૦૨૨, ૦૧.૧૨.૨૦૨૨, ૨૨.૧૨.૨૦૨૨, ૩૦.૧૨.૨૦૨૨ અને ૧૧.૦૧.૨૦૨૩ ના રોજ મુલતવી રાખવામાં આવ્યો. આ દિવસોમાં, ન તો ફરિયાદી હાજર રહ્યો ન

તો ઉલટતપાસનો તબક્કો ફરીથી ખોલવા માટે કોઈ અરજી આપવામાં આવી અને ત્યારબાદ ફરિયાદ અને આરોપી માટેના વિદ્વાન વકીલો દ્વારા અંતિમ દલીલો રજૂ કરવામાં આવી. અંતિમ દલીલો સાથે, સામાવાળા–આરોપીએ દોષિત ઠરાવવાના ચુકાદા અને જેલ વોરંટની સર્ટિફાઇડ નકલ રેકોર્ડ પર મૂકી છે જેમાં, તેને એન.આઇ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો, જેમાં ક્રિમિનલ કેસ નં. ૨૪૪૦/૨૦૧૧ માં સંડોવાયેલી ચેકની રકમ રૂ. ૧,૫૦,૦૦૦/– અને ક્રિમિનલ કેસ નં. ૬/૨૦૦૯ માં રૂ. ૪૦,૦૦૦/– છે. આઇપીસીની કલમ ૪૦૬, ૪૨૦, ૩૨૩, ૩૯૦, ૩૯૨, ૧૧૪, ૧૨૦બી, ૫૦૬(૨) અને બોમ્બે પોલીસ એક્ટની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે ફરિયાદી દ્વારા આરોપી સામે મહેસાણા ખાતે વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સમક્ષ દાખલ કરાયેલ ક્રિમિનલ કેસની સર્ટિફાઇડ નકલ તારીખ ૧૪.૦૯.૨૦૦૦ ના રોજ દાખલ કરવામાં આવી હતી જે તારીખ ૦૩.૧૦.૨૦૧૨ ના રોજ નામંજૂર કરવામાં આવી હતી તે લેખિત દલીલો સાથે દાખલ કરવામાં આવી છે. રેગ્યુલર સિવિલ સૂટ નં. ૧૦૯/૨૦૨૧ ની સર્ટિફાઇડ નકલ પણ લેખિત દલીલ સાથે દાખલ કરવામાં આવી છે જે વિદ્વાન સિવિલ કોર્ટ દ્વારા તારીખ ૨૮.૦૭.૨૦૨૨ ના રોજ નામંજૂર કરવામાં આવી હતી. વિદ્વાન નીચલી કોર્ટ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું કે ક્રિમિનલ કેસ નં. ૩૧૭૨/૨૦૧૫ ચાર ચેક ધરાવે છે અને સી.આર.પી.સી.ની કલમ ૨૧૯ મુજબ વિદ્વાન નીચલી

કોર્ટ ત્રણ કેસ એકસાથે ચલાવી શકે છે. વિગતવાર કારણો આપીને, વિદ્વાન નીચલી કોર્ટે ફરિયાદ નામંજૂર કરી છે અને સામાવાળા–આરોપીને નિર્દોષ છોડી મૂક્યા છે.

૭.૭. ઉપરોક્ત હકીકતોની પૃષ્ઠભૂમિમાં આ કોર્ટ સમક્ષ વિચારણા માટે ઊભો થતો મૂક પ્રશ્ન આ છે:

(એ) ઉલટતપાસની ગેરહાજરીમાં સરતપાસનું એવિડન્શરી મૂલ્ય શું હશે?

(બી) શું કોર્ટ દ્વારા પસાર કરાયેલ વોરંટ અને ચુકાદાની સર્ટિફાઇડ નકલને પબ્લિક ડોક્યુમેન્ટ ગણી શકાય?

(સી) એન.આઇ. એક્ટ હેઠળ પૂરા પાડવામાં આવેલ અનુમાનના ખંડનની પદ્ધતિ કઈ હશે?

૮. પ્રથમ પ્રશ્નની વિચારણા માટે એન.આઇ. એક્ટ હેઠળની જરૂરી જોગવાઈઓ જોવાની જરૂર છે:

**૧૩૫. ચુકવણીના સ્થળનો કાયદો અનાદરનું નિયમન કરે છે**

જ્યાં કોઈ પ્રોમિસરી નોટ, બિલ ઓફ એક્સચેન્જ અથવા ચેક જ્યાં બનાવવામાં આવ્યો હોય અથવા શેરો કરવામાં આવ્યો હોય તે સિવાયના અલગ સ્થળે ચૂકવવાપાત્ર બનાવવામાં આવે, તો જે સ્થળે તેને ચૂકવવાપાત્ર બનાવવામાં આવ્યો હોય ત્યાંનો કાયદો એ નિર્ધારિત કરે છે કે શું અનાદરની રચના કરે છે અને અનાદરની કઈ નોટિસ પૂરતી છે.

**કલમ. ૧૩૭– વિદેશી કાયદા અંગેનું અનુમાન**

પ્રોમિસરી નોટ, બિલ ઓફ એક્સચેન્જ અને ચેક અંગેના કોઈપણ વિદેશી દેશના કાયદાને ભારત સમાન જ માનવામાં આવશે, સિવાય કે અને જ્યાં સુધી તેથી વિપરીત સાબિત ન થાય.

**કલમ ૧૩૮ ખાતામાં અપૂરતું ભંડોળ, વગેરે માટે ચેકનો અનાદર.**

જ્યાં કોઈ વ્યક્તિ દ્વારા બેન્કર સાથે જાળવવામાં આવતા ખાતામાંથી કોઈ અન્ય વ્યક્તિને કોઈ દેવા અથવા અન્ય જવાબદારીની સંપૂર્ણ કે આંશિક ચુકવણી માટે દોરવામાં આવેલો કોઈ ચેક બેંક દ્વારા ચૂકવ્યા વિના પરત કરવામાં આવે છે, કારણ કે તે ખાતાની જમા રકમ ચેકનો સ્વીકાર કરવા માટે અપૂરતી હોય અથવા તે તે ખાતામાંથી ચૂકવવા માટે બેંક સાથે કરેલા કરાર દ્વારા ગોઠવેલી રકમ કરતા વધી જતી હોય, તો આવી વ્યક્તિએ ગુનો કર્યો હોવાનું માનવામાં આવશે અને, આ અધિનિયમની અન્ય કોઈ જોગવાઈને પૂર્વગ્રહ રાખ્યા વિના, બે વર્ષ સુધી લંબાવી શકાય તેવી મુદતની કેદની શિક્ષા, અથવા ચેકની રકમ કરતાં બમણી રકમ સુધીના દંડથી, અથવા બંને શિક્ષાને પાત્ર થશે:

પરંતુ શરત એ છે કે આ કલમમાં સમાવિષ્ટ કશું જ લાગુ પડશે નહીં સિવાય કે:

ચેક, તે જે તારીખે દોરવામાં આવ્યો હોય તે તારીખથી છ મહિનાની અંદર અથવા તેની માન્યતાની અવધિમાં, જે પણ વહેલું હોય, બેંક સમક્ષ રજૂ કરવામાં આવ્યો હોય;

ચેક મેળવનાર અથવા ચેકનો યથાક્રમે ધારક જે પણ કિસ્સો હોય તે, ચેક ચૂકવ્યા વિના પરત ફરવા અંગે બેંક પાસેથી તેને માહિતી મળ્યાના ત્રીસ દિવસની અંદર ચેક દોરનારને લેખિતમાં નોટિસ આપીને નાણાંની સદર રકમની ચુકવણી માટે માંગણી કરે છે; અને

આવા ચેક દોરનાર સદર નોટિસ મળ્યાના પંદર દિવસની અંદર ચેક મેળવનારને અથવા, જે પણ કિસ્સો હોય તે મુજબ, ચેકના યથાક્રમે ધારકને નાણાંની સદર રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય છે.

**કલમ ૧૪૩ કેસોની સમરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની કોર્ટની સત્તા**

(૧) કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ (૧૯૭૪ ના ૨) માં સમાવિષ્ટ કોઈ બાબત હોવા છતાં, આ પ્રકરણ હેઠળના તમામ ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અથવા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા ચલાવવામાં આવશે અને સદર કોડની કલમ ૨૬૨ થી ૨૬૫ (બંને સહિત) ની જોગવાઈઓ, બને ત્યાં સુધી, આવી ઈન્સાફી કાર્યવાહીઓને લાગુ પડશે:

પરંતુ શરત એ છે કે આ કલમ હેઠળ સમરી ઈન્સાફી કાર્યવાહીમાં કોઈ દોષિત ઠરાવવાના કિસ્સામાં, મેજિસ્ટ્રેટ માટે એક વર્ષથી વધુ ન હોય તેવી મુદતની કેદની સજા અને પાંચ હજાર રૂપિયાથી વધુ રકમના દંડની સજા પસાર કરવી કાયદેસર રહેશે:

વધુમાં શરત એ છે કે જ્યારે આ કલમ હેઠળ સમરી ઈન્સાફી કાર્યવાહીની શરૂઆતમાં, અથવા તે દરમિયાન, મેજિસ્ટ્રેટને એવું જણાય કે કેસનું સ્વરૂપ એવું છે કે એક વર્ષથી વધુ મુદતની કેદની સજા પસાર કરવી પડી શકે છે અથવા કોઈપણ અન્ય કારણસર, કેસની સમરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવી અનિચ્છનીય છે, ત્યારે મેજિસ્ટ્રેટ પક્ષકારોને સાંભળ્યા પછી, તે અસરનો હુકમ નોંધશે અને ત્યારબાદ તપાસવામાં આવ્યા હોય તેવા કોઈપણ સાક્ષીને પાછા બોલાવશે અને સદર કોડ દ્વારા પ્રદાન કરેલી રીતે કેસ સાંભળવા અથવા ફરીથી સાંભળવા આગળ વધશે.

(૨) આ કલમ હેઠળના કેસની ઈન્સાફી કાર્યવાહી, જ્યાં સુધી વ્યવહારુ હોય ત્યાં સુધી, ન્યાયના હિતોને સુસંગત રાખીને, તેના નિષ્કર્ષ

સુધી રોજેરોજ ચાલુ રાખવામાં આવશે, સિવાય કે કોર્ટને લેખિતમાં નોંધવાના કારણોસર ઇન્સાફી કાર્યવાહીને બીજા દિવસ પછી મુલતવી રાખવી જરૂરી જણાય.

(૩) આ કલમ હેઠળની દરેક ઇન્સાફી કાર્યવાહી શક્ય તેટલી ઝડપથી ચલાવવામાં આવશે અને ફરિયાદ દાખલ કર્યાની તારીખથી છ મહિનાની અંદર ઇન્સાફી કાર્યવાહી પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

**કલમ ૧૪૫ સોગંદનામા પર પુરાવો**

(૧) કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ (૧૯૭૪ ના ૨) માં સમાવિષ્ટ કોઈ બાબત હોવા છતાં, ફરિયાદીનો પુરાવો તેના દ્વારા સોગંદનામા પર આપી શકાશે અને, તમામ યોગ્ય અપવાદોને આધીન સદર કોડ હેઠળની કોઈપણ તપાસ, ઇન્સાફી કાર્યવાહી અથવા અન્ય કાર્યવાહીમાં પુરાવા તરીકે વાંચી શકાશે.

(૨) કોર્ટ, જો તેને યોગ્ય લાગે તો, અને ફરિયાદપક્ષ અથવા આરોપીની અરજી પર, તેમાં સમાવિષ્ટ હકીકતો અંગે સોગંદનામા પર પુરાવો આપનાર કોઈપણ વ્યક્તિને સમન્સ બજાવશે અને તપાસશે.

**કલમ ૨૬૨ સમરી ઇન્સાફી કાર્યવાહી માટેની પ્રક્રિયા**

(૧) આ પ્રકરણ હેઠળની ઇન્સાફી કાર્યવાહીમાં, હવે પછી ઉલ્લેખિત સિવાય, સમન્સ-કેસની ઇન્સાફી કાર્યવાહી માટે આ કોડમાં નિર્દિષ્ટ પ્રક્રિયાને અનુસરવામાં આવશે.

(૨) આ પ્રકરણ હેઠળ કોઈપણ દોષિત ઠરાવવાના કિસ્સામાં ત્રણ મહિનાથી વધુ મુદતની કેદની કોઈ સજા પસાર કરવામાં આવશે નહીં.

**કલમ ૨૬૫ રેકોર્ડ અને ચુકાદાની ભાષા**

(૧) દરેક આવો રેકોર્ડ અને ચુકાદો કોર્ટની ભાષામાં લખવામાં આવશે.

(૨) હાઈકોર્ટ ગુનાઓની સમરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ધરાવતા કોઈપણ મેજિસ્ટ્રેટને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આ વતી નિયુક્ત કરાયેલા અધિકારી મારફતે ઉપરોક્ત રેકોર્ડ અથવા ચુકાદો અથવા બંને તૈયાર કરવા માટે અધિકૃત કરી શકે છે, અને તે રીતે તૈયાર કરાયેલ રેકોર્ડ અથવા ચુકાદા પર આવા મેજિસ્ટ્રેટ દ્વારા સહી કરવામાં આવશે.

૯. ફરિયાદીનું નિવેદન નોંધવા માટે સામાન્ય રીતે ખર્ચાતો નોંધપાત્ર સમય બચાવવાના હેતુથી કલમ ૧૪૫ માં સુધારો કરવામાં આવ્યો હતો. સદર અધિનિયમની કલમ ૧૪૫ ફરિયાદીને સોગંદનામા દ્વારા અથવા મૌખિક પુરાવા દ્વારા પોતાનો પુરાવો આપવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. કોર્ટે તેને સ્વીકારવો પડશે ભલે તે સોગંદનામા દ્વારા આપવામાં આવ્યો હોય. કલમ ૧૪૫(૧) નો બીજો ભાગ એ પ્રદાન કરે છે કે સોગંદનામા પર ફરિયાદીનું નિવેદન તમામ અપવાદોને આધીન કોઈપણ તપાસ, ઈન્સાફી કાર્યવાહી અથવા અન્ય કાર્યવાહીમાં પુરાવા તરીકે વાંચી શકાશે. કલમ ૧૪૫ એ પ્રક્રિયાનો નિયમ છે જે ફરિયાદીનો પુરાવો કઈ રીતે નોંધી શકાય તેની રીત નિર્ધારિત કરે છે અને એકવાર કોર્ટ સમન્સ ઈશ્યૂ કરે અને આરોપીની હાજરી સુનિશ્ચિત થઈ જાય, ત્યારબાદ કોર્ટ કેસ વહેલો રાખી શકે છે અને રોજેરોજ ઈન્સાફી કાર્યવાહી માટેની તારીખ સુનિશ્ચિત કરી શકે છે. કલમ ૧૪૩ સી.આર.પી.સી.ની કલમ ૨૬૨ થી ૨૬૫ ની કાર્યવાહી મુજબ ચેકના અનાદર માટેના કેસોની સમરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની કોર્ટને સત્તા આપે છે. અધિનિયમોની યોજનાને ધ્યાનમાં

લેતા, એવું કહી શકાય નહીં કે માત્ર ફરિયાદીને સોગંદનામા દ્વારા પુરાવો આપવાની પરવાનગી આપવામાં આવી છે એટલે, આરોપીના યોગ્ય ઈન્સાફી કાર્યવાહીના અધિકારનો કોઈ પણ રીતે ઇનકાર કરવામાં આવ્યો છે. આરોપી આવા સોગંદનામા પર સદર સાક્ષીની ઉલટતપાસ કરવાનો હકદાર છે.

૧૦. ઉલટતપાસનો ઉદ્દેશ્ય સત્ય શોધવાનો અને માનવીય જુબાનીમાં અસત્યની જાણ મેળવવાનો છે. તે રૂબરૂમાં પુરાવા આપી ચૂકેલા સાક્ષીઓના પુરાવાના પ્રભાવને નષ્ટ અથવા નબળો પાડવા માટે અથવા પક્ષકારની તરફેણમાં એવું કંઈક પ્રાપ્ત કરવા માટે કે જે તેણે ન જણાવ્યું હોય અથવા તેના ભૂતકાળના ઈતિહાસ અથવા વર્તમાન વર્તન પરથી એ દર્શાવીને તેને અવિશ્વસનીય ઠેરવવા માટે બનાવવામાં આવેલ છે કે તે વિશ્વાસપાત્ર નથી. તે પૂર્વગ્રહને ખુલ્લો પાડે છે, અસત્ય શોધી કાઢે છે અને સાક્ષીઓની માનસિક અને નૈતિક સ્થિતિ દર્શાવે છે.

૧૧. ગોપાલ શરણ વિ. સત્યનારાયણ, એ.આઈ.આર. ૯ એસ.સી. ૧૧૪૧ ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે કોર્ટના હુકમ છતાં જે પક્ષકાર પોતાની જાતને ઉલટતપાસ માટે રજૂ ન કરે તેની સરતપાસ પર આધાર રાખવો અસુરક્ષિત છે. કરવામાં આવેલ સંબંધિત અવલોકનો નીચે મુજબ ટાંકવામાં આવેલ છે:

> "ઉપરોક્તના આધારે, એવી દલીલ કરવામાં આવી હતી કે સરતપાસમાં પ્રતિવાદીનો એ સ્પષ્ટ કેસ હતો કે બોર્ડ તેનું હતું અને

પ્રતિવાદી પોતાનો વ્યવસાય ચલાવી રહ્યો હતો અને ફરિયાદી દ્વારા તે અંગે કોઈ વિવાદ ન હતો. અત્રે એ ઉલ્લેખ કરી શકાય કે રિમાન્ડ પછી કોર્ટના હુકમ છતાં ફરિયાદીએ પોતાની જાતને ઉલટતપાસ માટે રજૂ કરી ન હતી, તેથી, નોંધાયેલ સરતપાસ પર આધાર રાખવો અસુરક્ષિત રહેશે જે રિમાન્ડ કરવામાં આવે તે પહેલાં ઉલટતપાસને આધીન ન હતી. જો એવું હોય, તો એવું જણાશે કે દાવા–અરજીમાં આક્ષેપોના સંદર્ભમાં ફરિયાદીનો કોઈ પુરાવો નથી. આ સ્થિતિ રેકોર્ડ પરની હકીકતો પરથી સ્થાપિત થતી જણાય છે. જ્યારે ફરિયાદી ખંડનમાં પુરાવા માટે હાજર થયો ત્યારે આ મુદ્દાઓ પર તેની ઉલટતપાસ થઈ શકી હોત. એવી રજૂઆત કરવામાં આવી હતી કે ખંડનમાં ફરિયાદીએ માત્ર ભાડાની ચુકવણીમાં કસૂર અંગે જણાવ્યું હતું પરંતુ પ્રતિવાદી સાક્ષીના કઠેડામાં જાય તે પહેલાં, ફરિયાદીએ તેના દાવા–અરજીના કેસને સમર્થન આપવાનું પસંદ કર્યું ન હતું. સરતપાસમાં આપવામાં આવેલા ફરિયાદીના પુરાવાની મર્યાદા બહાર જઈને ફરિયાદીની ઉલટતપાસ કરવાનો અને તે દ્વારા ઉલટતપાસમાં કેસ સાબિત કરવાની તક આપવાનો કોઈ પ્રશ્ન ન હતો. તેથી, પ્લીડિંગ્સ અને પુરાવા પરથી એવું જણાય છે કે સામાવાળાએ અપીલકર્તા દ્વારા હોર્ડિંગ લગાવીને કબજો છોડી દેવાનો કોઈ કેસ સાબિત કર્યો નથી. સરતપાસમાં પણ તેણે આવો કોઈ કેસ સાબિત કર્યો ન હતો અને તેનાથી વિપરીત તેનો કેસ એવો હતો કે તે પ્રતિવાદી–અપીલકર્તા હતો જેણે હોર્ડિંગ લગાવ્યું હતું. ફરિયાદીએ એવો આક્ષેપ કર્યો ન હતો કે પ્રતિવાદી–અપીલકર્તા જાહેરાતનો વ્યવસાય પણ ચલાવતો ન હતો. અપીલકર્તા વતી એવી રજૂઆત કરવામાં આવી હતી કે ઉલટતપાસ માટે રજૂ થવાનો ઈનકાર કરીને ફરિયાદીએ સરતપાસના પુરાવાને શૂન્ય (non est) બનાવી દીધો છે. પ્રતિવાદીનો એવો કેસ હતો કે તે જુદી જુદી પાર્ટીઓના હોર્ડિંગ્સ લગાવીને જાહેરાતનો વ્યવસાય

ચલાવતો હતો. બોર્ડ તેના દ્વારા બનાવવામાં આવ્યું હતું, પેઈન્ટિંગ્સ અને લખાણો પણ તેના દ્વારા કરવામાં આવ્યા હતા અને હોર્ડિંગ લગાવવા માટે તે પોતાના ગ્રાહકો પાસેથી ચાર્જ વસૂલતો હતો. તેથી, અમને એવું જણાય છે કે કોઈને લીઝ આપવામાં આવી હતી અથવા કોઈને હોર્ડિંગ લગાવવાનો અધિકાર આપવામાં આવ્યો હતો અને અન્ય કોઈની તરફેણમાં કબજો છોડવામાં આવ્યો હતો તેવા કોઈ સ્પષ્ટ તારણો નથી. જોકે, એવી દલીલ કરવામાં આવી હતી કે અપીલકર્તાએ જાહેરાત બોર્ડ હોર્ડિંગ લગાવ્યું હોત તો પણ તે તેના દ્વારા મોટી રકમ કમાઈ રહ્યો હતો અને આ એક એવું પરિબળ હતું જે દર્શાવતું હતું કે તેના દ્વારા કબજો છોડી દેવામાં આવ્યો હતો. જોકે, અપીલકર્તા વતી એવી રજૂઆત કરવામાં આવી હતી કે જ્યારે દુકાન વ્યવસાય ચલાવવા માટે પ્રતિવાદી–અપીલકર્તાને ભાડે આપવામાં આવી હતી ત્યારે વ્યવસાય ચલાવવાનો અધિકાર પ્રતિવાદી–અપીલકર્તાનો હતો. સદર દુકાન રૂમનો ઉપયોગ કરવો અને તેની છતનો પણ ઉપયોગ કરવો અને શક્ય તેટલી વધુ કમાણી કરવી કાયદેસર રીતે માન્ય હતું અને તેથી તે કબજો છોડવાનું નથી."

૧૨. ઈશ્વરભાઈ સી. પટેલ અને અન્ય વિ. હરિહરભાઈ મહેરા ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આ જ સિદ્ધાંતનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા કરવામાં આવેલા અવલોકનો નીચે મુજબ ટાંકવામાં આવેલ છે:

"વર્ષ ૧૯૨૭ જેટલા જૂના સમયમાં, પ્રિવી કાઉન્સિલે સરદાર ગુરબખ્શ સિંહ વિ. ગુરદયાલ સિંહ અને અન્ય, એ.આઈ.આર. ૧૯૨૭ પ્રિવી કાઉન્સિલ ૨૩૦ માં, તે દિવસોમાં પ્રચલિત એવી પ્રથાની નોંધ લીધી હતી જેમાં પક્ષકારોને કેસમાં સાક્ષી તરીકે ન

તપાસવામાં આવે અને તે બીજા પક્ષકાર પર છોડી દેવામાં આવે કે તે તે પક્ષકારને બોલાવે જેથી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારના સાક્ષી તરીકે ગણી શકાય. પ્રિવી કાઉન્સિલના લોર્ડશિપ્સે નીચે મુજબ અવલોકન કર્યું:- "આ બોર્ડ દ્વારા આ પ્રકારની પ્રક્રિયાની વારંવાર નોંધ લેવામાં આવી છે. તે કેટલીકવાર એવી યુક્તિનું સ્વરૂપ લે છે જે અંતર્ગત વકીલ પોતાના અસીલને બોલાવતો નથી, જે એક આવશ્યક સાક્ષી છે, પરંતુ બીજા પક્ષકારને તેને બોલાવવા દબાણ કરવાનો પ્રયાસ કરે છે, અને આ રીતે તેને પોતાના, બીજા પક્ષકારના સાક્ષી તરીકે ગણાવવાની અસ્વસ્થતા સહન કરાવે છે. આને ચતુરાઈભર્યું માનવામાં આવે છે, પરંતુ તે ખરાબ અને અધોગતિજનક પ્રથા છે. લોર્ડ એટકિન્સને લાલ કુંવર વિ. ચિરંજી લાલ (૧) માં આ વિષય પર ધ્યાન આપ્યું, અને તેને "એક દુષ્ટ પ્રથા, ઉચ્ચ-સ્તરીય અથવા પ્રતિષ્ઠિત વકીલાત પ્રણાલી માટે અયોગ્ય" ગણાવી." તેઓએ આગળ નીચે મુજબ અવલોકન કર્યું:- "પરંતુ કોઈપણ દૃષ્ટિકોણથી સાક્ષી તરીકે તેણીની ગેરહાજરી, કોર્ટમાં હાજર હોવા છતાં, તેના કેસના સત્યને અવિશ્વસનીય ઠેરવવા માટેનો સૌથી મજબૂત સંભવિત સંજોગ હશે." તેમના લોર્ડશિપ્સે હાઇકોર્ટના તારણની પણ નોંધ લીધી જે નીચે મુજબની અસર ધરાવતું હતું:- "તે સાચું છે કે તેણી સાક્ષીના કઠેડામાં ગઈ નથી, પરંતુ તેણીએ ચૌધરી કેસર રામ સમક્ષ સંપૂર્ણ નિવેદન આપ્યું હતું, અને એવું લાગતું નથી કે સબઓર્ડિનેટ જજ સમક્ષ તેના પુરાવાએ નિવેદનમાં તેણે જે કહ્યું હતું તેમાં કોઈ ભૌતિક ઉમેરો કર્યો હોત." તેઓએ અવલોકન કર્યું:- "તેમના લોર્ડશિપ્સ આવા તર્કને અસ્વીકાર કરે છે. ન્યાયની અદાલત દ્વારા પ્રાપ્ત કરવાનો સાચો ઉદ્દેશ્ય માત્ર તે પક્ષકારની જુબાની દ્વારા જ યોગ્યતા સાથે આગળ વધારી શકાય છે જે કેસના તમામ સંજોગોને વ્યક્તિગત રીતે જાણતો હોય અને તેની સાથે જોડાયેલી શંકાઓને દૂર કરી શકે.

